# ૨૦૧૮ એચ-વનબી સીઝન શરૂ થઈ રહી છે

૨૦૧૮ એચ-વનબી સીઝનની આ સીઝન ખૂબ



માઈકલ ફુલવાની   ડેવિડ એચ. નાચમેન   લુડકા ઝિમોવકાક

જ આનંદમય રહેવાની સંભાવના છે. તમામ અમેરિકી રોજગારદાતાઓને એ વાત યાદ અપાવવી જરૂરી છે કે એચ-વનબી સીઝન લગભગ સમાપ્ત થવાની તૈયારી છે! યુનાઈટેડ સ્ટેટ્સ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ (યુએસસીઆઈએસ) નાણાકીય વર્ષ ૨૦૧૯ માટે નવી એચ-વનબી પિટિશનો સ્વીકારવાની શરૂઆત બીજી એપ્રિલ, ૨૦૧૮, સોમવારથી કરશે. આથી રોજગારદાતાઓએ તાત્કાલિક વર્તમાન-ભાવિ કામદારોને ઓળખવા જોઈએ, જેઓને નવી એચ-વનબી પિટિશનો માટે સ્પોન્સરશિપની જરૂર પડશે.

પશ્ચાદભૂને ધ્યાનમાં રાખતાં, યુએસસીઆઈએસે વિદેશી નાગરિકત્વ ધરાવતા કામદારો માટે એચ-વનબી વિઝા ઈશ્યુ કરવા જોઈએ જેઓ 'વ્યાવસાયિક સ્તરે ખાસ પ્રકારની કુશળતા (સ્પેશિયલિટી ઓક્યુપેશન) ધરાવતા હોય.' સ્પેશિયલિટી ઓક્યુપેશન માટે ઉચ્ચ કુશળતા અને જ્ઞાન ધરાવતી સંસ્થા તરફથી થિયોરિટિકલ-પ્રેક્ટિકલ અરજીની જરૂર પડે છે. કામદાર તરીકે નોકરી કરવા માટે તેની પાસે સ્નાતકની સમકક્ષ પદવી હોવી જરૂરી છે. બન્ને હોદ્દાઓ પર નિમણૂક કરવા માટે વિદેશી કામદારની લાયકાતો 'સ્પેશિયલિટી ઓક્યુપેશન' માટેના માપદંડ સાથે સુસંગત હોવી જોઈએ.

કાયદો ૬૫,૦૦૦ નવા એચ-વનબી વિઝા માટે વાર્ષિક ક્વોટા પૂરા પાડે છે જે કોઈ પણ અપાયેલા નાણાકીય વર્ષમાં, પહેલી ઓક્ટોબરથી ૩૦મી સપ્ટેમ્બર દરમિયાન ઈશ્યુ કરી શકાય છે. આ ઉપરાંત, યુએસ એડવાન્સ ડિગ્રી પ્રોગ્રામ્સના સ્નાતકો માટે પ્રતિ નાણાકીય વર્ષ ૨૦ હજાર એચ-વનબી વિઝાનો અલગ ક્વોટા પણ હોય છે. ગયા વર્ષે યુએસસીઆઈએસને ૧,૯૯,૦૦૦ એચ-વનબી પિટિશનો ફાઈલિંગના પ્રથમ અઠવાડિયામાં મળી હતીસ કારણ કે વાર્ષિક ક્વોટા ફાઈલિંગના પ્રથમ દિવસ (પહેલી એપ્રિલ, જે નાણાકીય વર્ષની શરૂઆતના છ માસ અગાઉ છે)ના થોડા દિવસોમાં જ પૂરો થઈ ગયો હતો. તમામ પિટિશનો રેન્ડમ કોમ્પ્યુટર લોટરી સિસ્ટમને આધીન હોય છે.

ગયા વર્ષની એચ-વનબી માગ અને અર્થતંત્રમાં સુધારાના કારણે, અમે આ વર્ષની એચ-વનબી માગમાં ગયા વર્ષ કરતાં વધુ થવાની આશા રાખીએ છીએ. અસરકર્તા વિદેશી નાગરિકો, કે જેમની પિટિશનોની પસંદગી થઈ નથી, તેઓ આગામી નાણાકીય વર્ષ સુધી એચ-વનબી વિઝા મેળવી શકશે નહિ, તેમને રોજગારદાતાઓ સાથે વિદેશી રોજગારી મેળવવાની જરૂર પડશે અને સંભવ છે કે યુનાઈટેડ સ્ટેટ્સ છોડવાનો વારો આવી શકે છે. કેટલાક કિસ્સામાં, રોજગારદાતાઓએ વૈકલ્પિક વિઝા (જેવા કે એલ, ઓ, પી અને આર) તરફ નજર દોડાવવાની જરૂર પડે છે.

અમે અમારા ક્લાયન્સ રોજગારદાતાઓ અને સંભવિત ગ્રાહક રોજગારદાતાઓને ભારપૂર્વક વિનંતી કરીએ છીએ કે તેઓ એપ્રિલ, ૨૦૧૮માં શક્ય તેટલી વેળાસર તારીખે યુએસસીઆઈએસ સાથે એચ-વનબી કેપ-સબ્જેક્ટ પિટિશનો ફાઈલિંગ કરવાની બાબત ધ્યાનમાં રાખે. આનો અર્થ એ છે કે, યુએસસીઆઈએસને ૩૧મી માર્ચ, ૨૦૧૮ના રોજ પિટિશન મેઈલ કરવી જોઈએ, જે બીજી એપ્રિલ, ૨૦૧૮ના રોજ સોમવારે (ફાઈલિંગના પ્રથમ દિવસે જ) યુએસસીઆઈએસને મળી શકે. જોકે કામદારો માટે એચ-વનબી વિઝા જાળવી રાખવા માટે આગોતરા આયોજનની જરૂર પડે છે. જરૂરી તમામ માહિતી અને દસ્તાવેજો ભેગા કરવા માટે, લેબર કન્ડિશન એપ્લિકેશન (એલપીએ) ફાઈલ કરવા માટે, યુએસસીઆઈએસમાં ફાઈલિંગ માટે પિટિશન તૈયાર કરવા માટે કેટલીક વાર બે અથવા ચાર અઠવાડિયાં પણ થાય છે.

તમામ રોજગારદાતાઓએ તાત્કાલિક ધોરણે એચ-વનબી કેસોમાં જરૂરી સહાયરૂપ દસ્તાવેજો ભેગા કરવાની શરૂઆત કરવી જોઈએ. એચ-વનબી સીઝન લગભગ શરૂ થવાની તૈયારીમાં છે, ત્યારે રોજગારદાતાઓએ કેપ-સબ્જેક્ટ પિટિશનો પર કામની શરૂઆત કરવા માટે બિઝનેસ ઈમિગ્રેશન લો કાઉન્સિલનો સંપર્ક કરવો જોઈએ.

એચ-વનબી પ્રોફેશનલો અને સ્પેશિયલિટી ઓક્યુપેશન વર્ક વિઝા વિશે વધુ માહિતી માટે તમે અમારા ઈમિગ્રેશન એન્ડ નેશનલિટી લોયર્સ અથવા એટર્નીઝ સાથે વાત કરી શકો છો અથવા નાચમન ફુલવાની ઝિમોવેક (એનપીઝેડ) લો ગ્રુપ, પી. સી.નો ઈ-મેઈલ info@visaserve.com પર સંપર્ક કરી શકો છો અથવા ૨૦૧-૬૭૦-૦૦૦૬ (૧૦૭) પર ફોન કરી શકો છો અથવા અમારી લો ફર્મની વેબસાઈટ www.visaserve.com નિહાળી શકો છો.